# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-05-2026 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## નીટ પરીક્ષા :

દેશભરમાં નીટની ફરી પરીક્ષા આગામી 21 જૂને યોજાશે. રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા – N.T.A. એ નવી તારીખની જાહેરાત કરતા સોશિયલ મીડિયા સંદેશમાં ઉમેદવારો અને વાલીઓને માત્ર NTAના સત્તાવાર સ્ત્રોત પર જ વિશ્વાસ કરવા અનુરોધ કર્યો છે.

અગાઉ ત્રીજી મેએ લેવાયેલી નીટ પરીક્ષા ગેરીરિતિના કારણોસર રદ કરવામાં આવી હતી. આ અંગે કેન્દ્રીય તપાસ સંસ્થા C.B.I. દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

**------------------------------------------------------------------------------------------**

## ઇંધણ બચાવવા રાજ્ય સરકારના પગલાં :

ઈંધણ બચાવવાની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અપીલને પગલે રાજ્ય સરકાર દ્વારા વિવિધ પગલાઓ લેવામાં આવી રહ્યા છે.

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં પ્રધાનમંત્રીએ કરેલી અપીલ અંગે ચર્ચા કરવામાં આવી. તમામ મંત્રીઓ અને વિભાગોને બિનજરૂરી ખર્ચ ન થાય તેની સમીક્ષા કરવા સૂચના અપાઈ છે.

આ સાથે જ તમામ વિભાગોને વિકાસના અને દરરોજના કામમાં અસર ન થાય તે રીતે પાર્શિયલ વર્ક ફ્રોમ હોમ એટલે કે, કેટલાક દિવસ ઘરેથી કામ કરવા અંગે વિચારણા માટે સમીક્ષા કરવા તેમજ અધિકારીઓને કાર પૂલિંગ એટલે કે, એક જ વાહનનો સંયુક્ત ઉપયોગ કરવા સૂચના અપાઈ છે.

આ ઉપરાંત, સરકારી કર્મચારીઓને કોઈ પણ બેઠક માટે ગાંધીનગર નહીં બોલાવાય. તમામ બેઠક વર્ચ્યૂઅલ માધ્યમથી કરવા સૂચના અપાઈ છે.

દરમ્યાન, રાજ્યમાં આવતીકાલથી 300 નવી ST બસ દોડાવાશે. કોઈ પણ સમારોહ વગર સીધા જ બસ ડેપો પરથી આ STનો પ્રારંભ કરાશે.

---------------------------------------------------------------------------------------------

## કચ્છ જીલ્લા કલેકટર :

જિલ્લાના નવનિયુક્ત કલેક્ટર તરીકે અનિલકુમાર રાણાવસિયાએ આજે વિધિવત રીતે ચાર્જ સંભાળ્યો છે. આ પ્રસંગે શ્રી રાણાવસિયાએ જણાવ્યું કે, જિલ્લામાં આગામી સમયમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની તમામ યોજનાઓનું સુચારું અમલીકરણ થાય તે બાબતને પ્રાથમિકતા આપીને કચ્છના શહેરોથી લઈને છેવાડાના નાગરિકોને તેનો લાભ મળે તે દિશામાં કામગીરી કરાશે.

(**BYTE** : જિલ્લા કલેક્ટર - અનિલકુમાર રાણાવસિયા)

---------------------------------------------------------------------------------------------

## RTE :

રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રથમ રાઉન્ડના પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે શિક્ષણ વિભાગ દ્વારા લંબાવવામાં આવેલી મુદત આજે 15 મે ના પૂર્ણ થઈ રહી છે.

અગાઉ પ્રવેશ મેળવવાની અંતિમ તારીખ 12 મે હતી, પરંતુ વિદ્યાર્થીઓના હિતમાં આ મુદત વધારીને 15 મે કરાઈ હતી.

આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જે બેઠકો પર પ્રવેશ બાકી રહેશે તેના માટે શિક્ષણ વિભાગ દ્વારા બીજા રાઉન્ડની જાહેરાત કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------

## પેન્શનર્સની હયાતીની ખરાઈ :

પેન્શનર્સને પોસ્ટમાં કે બેંકમાં ધક્કા ન પડે તે હેતુથી ટપાલ વિભાગ દ્વારા નિવૃત્ત કર્મચારીઓને ઘરે બેઠા હયાતીની ખરાઈ કરી આપવાની ઝુંબેશ ચાલી રહી છે. આ સેવાનો મહત્તમ લાભ લેવા ભુજ પશ્ચિમ સબ ડીવીઝનના ડાક નિરીક્ષક રીઝવાન ખોજાએ અપીલ કરી છે.

(**BYTE** : ભુજ પશ્ચિમ સબ ડીવીઝનના ડાક નિરીક્ષક રીઝવાન ખોજા)

---

## ભુજ એરપોર્ટ :

ગ્લોબલ કચ્છ ફેડરેશન દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખીને ભુજ એરપોર્ટને આંતરરાષ્ટ્રીય સ્તરે કાર્યરત કરવા રજૂઆત કરવામાં આવી છે.

કચ્છના ઝડપી વિકાસ અને વૈશ્વિક જોડાણને ધ્યાનમાં રાખીને કરાયેલી આ માંગમાં જણાવાયું છે કે, વિશ્વના 192 દેશોમાં વસતા કચ્છીઓ વ્યાપાર-ઉદ્યોગમાં મોટું પ્રદાન આપી રહ્યા છે, પરંતુ સીધી હવાઈ સેવાના અભાવે તેમને મુશ્કેલી પડી રહી છે ત્યારે જો સીધી ફ્લાઈટ શરૂ થાય તો સમય અને ખર્ચની બચત થશે તેમ રજુઆતમાં જણાવાયું છે.

---

## હવામાન :

રાજ્યમાં આગામી 48 કલાક ગરમીનો પ્રકોપ યથાવત્ રહેવાની શક્યતા છે. ત્યારબાદ તાપમાન 2 થી 3 ડિગ્રી સેલ્સિયસ ઘટી શકે છે. હવામાન વિભાગ દ્વારા આજે કચ્છ, ભાવનગર, ગીરસોમનાથ, દીવ અને દેવભૂમિ દ્વારકામાં ગરમીનું યલો અલર્ટ જાહેર કરાયું હતું.

---